Title Verification No. GUJGUJ/17834

Date of Publication: 25th of Every May, August, November & February

નાપા - નડિયાદ - પાદરા દિશાવાળ સમાજનું અગ્રણી મુખપત્ર

# સદ્‌ગુણ જયતે

ત્રિમાસિક

સમૃદ્ધ ગરવી ગુજરાતનો વૈશ્વિક સુવર્ણ સનાતન સમાચાર

Editor: KAUSHAL JAYANTILAL SHAH

SADGUN JAYATE
(QUARTERLY)

Year: 01 ● Issue : 01 ● May 25, 2022 ● Page: 16 ● Price : Rs. 5-00 ● Annual Sub. : Rs.20/-

Off. : Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad - 6

## શ્રીનાથજી- કાંકરોલી -કુંભલગઢ- રાણકપુર

### યાત્રા પ્રવાસ ★ દિન - ૩ ★ તા. ૨૪-૦૬-૨૦૨૨ થી ૨૬-૦૬-૨૦૨૨

નાપા - નડિયાદ - પાદરા દશા દિશાવાળ જ્ઞાતિબંધુઓ માટે **શ્રીનાથજી- કાંકરોલી -કુંભલગઢ- રાણકપુર- એકલીંગજી-હલદીઘાટી- ખીમનોર- ઘસિયાર- કેસરીયાજી- શામળાજી** સહિતનો યાત્રા પ્રવાસ તા. ૨૪-૦૬-૨૦૨૨ થી ૨૬-૦૬-૨૦૨૨ કુલ- ૦૩ દિવસના પ્રવાસનું આયોજન કરેલ છે. જેમાં સવારે ચા નાસ્તો, મધ્યાહ્‌ને હેવીભોજન, બપોરે ચા તથા સાંજના હળવું ભોજન આપવામાં આવશે.

રોકાણ : મંગુબા ભુવનમાં એક રૂમમાં (નોન એ.સી. રૂમ)માં ૩/૪ વ્યકિતની સગવડ રહેશે ★

આ પ્રવાસમાં વહેલા તે પહેલાનાં ધોરણે નામ ૨૦/૫/૨૨ થી ૧૧/૬/૨૨ સુધીમાં રૂા.૨૫૦૦/- ભરીને જ નામ લખાવવાનું રહેશે. નામ કેન્સલ કરાવનારને ભરેલી રકમ પરત મળશે નહીં.

પ્રવાસ માટે આવનાર તમામ જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી છે કે સહકાર સાથે સમય મર્યાદા પ્રમાણે વર્તનમાં રહેશોજી.

સંપૂર્ણ રીતે પ્રવાસ માટે અનુકૂળતા પ્રમાણે કોઈપણ ફેરફાર કરવાની સત્તા વહીવટીદારની રહેશે.

રકમ જમા કરાવીને નામ લખાવવા માટે નીચે જણાવેલ વ્યકિતનો સંપર્ક કરોઃ

૧. **રાજુભાઈ નટવરલાલ શાહ (મો. ૯૮૨૫૮૭૭૮૪૬)**
૨. **કૌશલભાઈ જયંતિલાલ શાહ (મો. ૮૮૬૬૮૮૩૮૮૩)**
૩. **નિમેષભાઈ અશ્વિનભાઈ શાહ (મો. ૯૭૨૫૪૯૨૨૯૯**

**શ્રી નરેશભાઇ કનુલાલ શાહ પરિવારના જયશ્રીકૃષ્ણ**

**ન્યુ રામવિજય ચોપડા ભંડાર**

પ્રમુખ, ઑલ ગુજરાત સ્ટેશનરી એસોસીએશન

**‘બ્રાન્ડ : વિપુલ’**

૪૪/૫૦, કાગદી બજાર, ગાંધીબ્રિજ પુલ નીચે,
અમદાવાદ- ૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૨૧૪૭૪૫૫
મો. ૯૮૨૫૩૨૮૦૮૩/ ૮૯૮૦૫૩૯૦૩૫



**ઓલ ગુજરાત વાલી મંડળ પ્રમુખ**


(વૉઇસ ઑફ ચિલ્ડ્રન)
(સ્કૂલ કી આવાજ)
(સી.બી.એસ.સી. / ગુજરાત બોર્ડ / આઇ.બી./ આઇ.સી.એસ.સી.)

આ અંક લઇને આવનાર તમામ દિશાવાળ બંધુઓને સ્ટેશનરી, ચોપડા, નોટબુકની ખરીદી પર ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે

• ‘જયશ્રીકૃષ્ણ’ પાક્ષિક તંત્રી - જગદીશભાઇ શાહની શુભેચ્છા •

# શિવલિંગ

## ઘરમાં રાખવું જોઈએ કે નહિ?



મોટાભાગના લોકોના મનમાં શિવલિંગને ઘરમાં રાખવા વિશે હમેશાં કોઈ શંકા અથવા પ્રશ્ન રહે છે, શું શિવલિંગને ઘરના પૂજાઘરમાં રાખવું જોઈએ કે નહીં? સમાજમાં એક મૂંઝવણ છે કે જો શિવલિંગને ઘરમાં રાખવામાં આવે તો તે અશુભ છે અને આમ કરવાથી મુશ્કેલીઓ આવવા લાગે છે. પરંતુ આ સાચું નથી. શિવ એટલે જે સારું કરે. તે જગતનો પિતા છે અને જેમણે વિશ્વની રક્ષા માટે હળાહળ ઝેર પી લીધું છે, તે તેનો નાશ કેવી રીતે કરી શકે?

ભગવાન શિવ એક ઉપકારક છે જે ખૂબ જ ઝડપથી અને સરળતાથી પ્રસન્ન થઈ જાય છે. જો તમારે કોઈ વસ્તુ માટે ભગવાન શિવને પ્રસન્ન કરવા હોય તો બહુ લાંબો સમય નથી લાગે. ઘરમાં શિવલિંગ રાખવામાં કોઈ નુકસાન નથી, તેનાથી તમને ફાયદો થશે. શિવલિંગ ભગવાન શિવનું નિરાકાર સ્વરૂપ છે. ભગવાનના કોઈપણ સ્વરૂપની મૂર્તિ બે રીતે સ્થાપિત થાય છે. એક ચલિત પ્રતિષ્ઠા અને બીજી પ્રાણ પ્રતિષ્ઠા.

મંદિરોમાં, ભગવાનની મૂર્તિને પવિત્ર કરવામાં આવે છે, જેના માટે ખૂબ જ કડક નિયમોનું પાલન કરવામાં આવે છે જ્યારે ઘરની પૂજાની જગ્યાએ રાખવામાં આવતી મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવતી નથી. આ એક ચલિત પ્રતિષ્ઠા છે, ત્યાં અમારી લાગણી શ્રધ્ધા પૂર્ણ છે, પરંતુ તમે નિયમ દ્વારા બંધાયેલા નથી. આવી સ્થિતિમાં તમારે શિવલિંગને તમારા ઘરમાં રાખવું જ જોઈએ, પરંતુ તેની પ્રાણ પ્રતિષ્ઠા નહીં કરી શકો. જો તમે તમારા ઘરમાં શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરીને ઘરમાં રાખો છો તો પછી તમે નિયમો હેઠળ આવશો અને જો નિયમો ભંગ કરવામાં આવે તો તમે દોષી થશો.

પરિવારમાં દરરોજ નિયમોનું પાલન કરવું શક્ય નથી. તેથી, આજીવન પવિત્ર શિવલિંગ મંદિરમાં સ્થાપિત થયેલ છે, જ્યારે ઘરમાં ચલિત પ્રતિષ્ઠા વાળું જ શિવલિંગ રાખવું શુભ છે. આવી સ્થિતિમાં શિવલિંગને તમારા ઘરમાં કોઈ શંકા અને સંદેશા વિના રાખો. તમે સામાન્ય રીતે અભિષેક કરીને અને ભગવાન શિવનો અભિષેક કરીને તમે શિવલિંગ લાવી શકો છો અને તેને તમારી પૂજાસ્થળમાં રાખી શકો છો. આનાથી તમને ફાયદો થશે અને ભગવાન શિવનો આશીર્વાદ હંમેશા તમારા પર રહેશે.

# શાસ્ત્રો મુજબ હવન કરવાના વિવિધ ફાયદા


હિન્દુ સંસ્કૃતિમાં દેવી-દેવતાની પૂજા અર્ચનાનું ખાસ મહત્વ હોય છે. જેમાં હવનનો વિશેષ મહત્વ રહેલું છે. શાસ્ત્રો મુજબ હવન કરવાના વિવિધ ફાયદા રહેલા છે. કોઈ પણ ધાર્મિક કાર્યમાં હવન કરવું અનિવાર્ય જેવું જ હોય છે. દેવી-દેવતા, પિતૃ, કે પછી સુખ શાંતી માટે લોકો હવન કરતા હોય છે. ચોરીના ચાર ફેરામાં પણ હવનની હાજરી જોવા મળે છે. અગ્ની દેવની સાક્ષીમાં કોઈ પણ કાર્યને સંપન્ન કરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો આ હવન કેમ મહત્વનું છે. તેના ફાયદા શું છે. હવનથી ભાગ્યદોષ તો દૂર થતા હોય છે. પરંતુ હવન સારા સ્વાસ્થ્ય માટે પણ ખુબ જ મહત્વનું છે. હવન વાતાવરણને પ્રદૂષણ મુક્ત બનાવવા ઉપરાંત, સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. હવનના ધુમાડાથી સંજીવની શક્તિનો સંચાર થાય છે. ઋગ્વેદમાં પણ ઉલ્લેખ છે કે હવનથી રોગોથી મુક્તિ મેળવી શકાય છે.


હવનમાં શુદ્ધતા જળવાઈ રહે છે હવનથી આરોગ્યની સાથે તેની આધ્યાત્મિક શુદ્ધતા પણ જળવાઈ રહે છે. હવન કરતા પહેલા સ્વચ્છતાની કાળજી રાખવી પડે છે. હવનમાં આંબાનું લાકડું, વેલો, લીમડો, કાલીગંજ, દેવદાર, ગુલમહોરની છાલ અને પાન, પીપરની છાલ, બોરડી, ચંદનનું લાકડું, તલ, અશ્વગંધા, કપૂર, લવિંગ, ચોખા, બેહેડા , હરડે, ઘી, સાકર, જવ, ગૂગળ, લોબાન, એલચી સહિતની વનસ્પતિનો પણ ઉપોયગ કરવામાં આવતો હોય છે.

અનેક પ્રકારના જીવાણુંનો થાય છે નાશ હવનથી વાતાવરણ શુદ્ધ થવાની સાથે સકારાત્મ ઉર્જા મળતી હોય છે. હવનમાં ગાયના છાણ અને ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી હવનથી ૯૪ પ્રકારના જીવાણુંઓનો નાશ થાય છે. ઘરની શુદ્ધતા અને આરોગ્ય માટે હવનનો ખુબ જ મહત્વ રહેલું છે. હવનમાં મંત્રનો જાપ કરવાથી સકારાત્મક ધ્વનિ ઉત્પન થતી હોય છે. શરીરમાં ઉર્જાનો સંચાર થાય છે.

હવનમાં મોટાભાગે આંબાના લાકડાંનો ઉપયોગ કરવામાં આવે છે. આંબાના લાકડાને બાળવાથી ખુબ જ સારા વાયુનો સંચાર થાય છે. આ વાયુ હવામાં રહેલા રહેલા ખતરનાક બેક્ટેરિયા અને જીવાણુનો નાશ કરી શુદ્ધ કરે છે. જે આરોગ્ય માટે ખુબ જ ફાયદાકારણ રહે છે.

રોગોને રાખે છે દૂર ઘણા સંશોધનમાં હવનના ધુમાડાને પણ ખુબ જ ફાયદા કારક ગણવામાં આવ્યો છે. એક સંશોધન મુજબ અડધો કલાક સુધી જો તમે હવનના ધૂમાડાના સંપર્કમાં રહો તો ટાઈફોઈડ જેવા જીવલેણ રોગો તમારાથી દૂર રહે છે. હવનના ધુમાડાથી બેક્ટેરિયાનો નાશ થાય છે જેથી હવા અને શરીરને હવન શુદ્ધ રાખે છે.



## ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apro/ab/2022/05/23/pp

તા. ૨૩-૦૫-૨૦૨૨

### સંદેશ

સહિયારા – સામાજિક વિકાસની ઊંડી અસર, સમાજના પ્રત્યેક પરિવાર સુધી પહોંચવાની ક્ષમતા ધરાવતી હોય છે. જ્યારે એકાકી પ્રયત્નો થકી પરિણામોની અસર છૂટી – છવાઈ થઈ જતાં પ્રમાણમાં ઓછી સફળ થાય છે. આથી જ આપણા પૂર્વજોએ 'સંઘે શક્તિ' જેવા ઉમદા વિચાર આપણી સમક્ષ રજૂ કર્યા છે.

પરસ્પરના સહકાર થકી પરિવારો સફળતા પ્રાપ્ત કરનારા બની રહે. મુશ્કેલીના સમયે એક-બીજાની હિંમત બની હૂંફ આપવી એ સમાજનું કર્તવ્ય ગણાય. સમાજ દ્વારા ધાર્મિક, સામાજિક તથા અન્ય મહત્ત્વપૂર્ણ માહિતીના પ્રચાર-પ્રસાર માટે સમાચારપત્રનું પ્રકાશન આવકારદાયી છે. નાપા-નડિયાદ-પાદરા દિશાવળ સમાજના મુખપત્ર "સદ્ ગુણ જયતે" ત્રિમાસિકની પ્રથમ આવૃત્તિ તા. ૨૫ મે, ૨૦૨૨ના રોજ પ્રકાશિત થઈ રહી છે તે જાણી આનંદ થયો. પ્રકાશિત થનાર સમાચારપત્રની સફળતા માટે શુભેચ્છા પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree Kaushalbhai J. Shah,** *Editor,*
Sadgun Jayate,
Shree Shakti Management, Lower Gound Floor,
Shop No. 20, Center Point, Panchvati Cross Road,
C. G. Road, Ahmedabad-380006
Email: lpdindia04@gmail.com

# મમતાની મૂર્તિ ''માઁ''

કવિ બોટાદકરે માઁનો મહિમા સમજાવતા એક પંક્તિ એવી લખી છે કે,

''જનનીની જોડ સખી નહિ જડે રે લોલ''

પરમાત્માના પ્રેમની પૂતળી છે ''માઁ''. માઁનો મહિમા આ જગતમાં અનેરો છે. માઁને કઈ કઈ ઉપમા આપું? વરસતી વાદળી કહું કે જેમ વાદળી વરસ્યા કરે એમ માઁની મમતાનો વરસાદ વરસ્યા જ કરે છે. પણ ના, એમાં એક તકલીફ આવે. એ વાદળી તો થોડી ઘણી વરસી જાય અને પાછી જતી રહે. વાદળીને મોસમ હોય છે પણ માઁની મમતાને કોઇ મોસમ હોતી નથી. એ તો બારેમાસ વરસ્યા જ કરે છે. એના પ્રેમમાં કોઇ દિવસ ફરક નથી પડતો. માઁ એ તો મહાસાગર જેવી છે. મહાસાગરના ભલે આપણે જુદા જુદા નામો પાડયા હોય પણ સાગરને ખબર નથી. બસ સાગર એ તો સાગર જ છે. એમ માઁ એ માઁ જ છે. સાગરને જેમ કોઇ સીમાઓ નથી હોતી તેમ માઁ શબ્દને કોઇ સીમા જ નથી.

''માઁ'' છે ફક્ત એક શબ્દનું વામન સ્વરૂપ પણ તેનું ફલક વિરાટ છે. માઁ એ સાર્વભૌમ શબ્દ છે. તેથી જ કહેવાયું છે કે, ''માતૃદેવો ભવ''. આ વિશ્વમાં બાળકનો જન્મ થાય અને એના હોઠ પર જે પહેલો શબ્દ આવે છે તે માઁ કે બાપ. છોકરો મોટો થાય, કમાતો થાય અને માતાપિતાનો ભક્ત હોય તો એના મનમાં એક ઉમળકો હોય કે મારો પહેલો પગાર મારા બાપાને આપું. મારી માઁને આપું. મારા પહેલા પગારમાંથી મારા માઁ-બાપને જાત્રા કરાવીશ. બાળક પહેલવહેલા એની માનું નામ લે છે. એના હોઠ ઉપર રુદન પછીનો શબ્દ મોટેભાગે ''માઁ'' હોય છે.

બાપ અને બેટા વચ્ચે જે સંબંધ છે એ બુદ્ધિપ્રધાન સંબંધ છે. બાપ-દીકરાને ભણાવે, ગણાવે કે જે કાંઇ ખર્ચ કરે એની પાછળ બાપાનું ગણિત હોય છે. છોકરાને ડોકટર કે એન્જિનિયર કરવા માટે ભલે પૈસાનું પાણી કરવું પડે પણ એકવાર ડોકટર કે એન્જિનિયર થયો તો પાણી પૈસા કરશે. આવો બાપાનો પાકો ભરોસો હોય છે. એનું ચોખ્ખું ગણિત હોય છે અને માઁ દીકરાનો જે સંબંધ છે એ હૃદયનો નાતો હોય છે. એમાં હૃદયપ્રધાન હોય છે. પેલામાં જ્ઞાન પ્રધાન હોય છે અને આમાં ભક્તિપ્રધાન હોય છે. સગુણ એ માઁ છે તેથી પરમાત્માના જે સગુણરૂપે અવતાર થયા છે એ બધાને માઁ કહી શકાય. સગુણ એ આપણી માઁ છે. એમાં ભક્તિ કેન્દ્રસ્થાને હોય છે. માઁ હૃદયથી જીવનારી છે. સ્ત્રી હૃદયથી જીવનારી છે. સ્ત્રીઓમાં હાર્ટએટેકથી મૃત્યુનું પ્રમાણ ઓછું છે. કારણ કે એ હાર્ટને વાપરે છે ને એટલે સારું રહે છે. એ વાપરી જાણે છે તેથી જ તુલસીદાસે વંદના કરી તો પહેલાં માતૃશક્તિની વંદના કરી. પહેલાં રામને નહિ પહેલાં સીતાને વંદન કર્યા.

આજે મુશ્કેલી એ છે કે માણસમાં સજજનતા છે. માણસમાં માનવતા છે પણ એ માનવતા હિમાલય જેવી છે પણ હિમાલય જેવી એમ જયારે કહીએ ત્યારે એની ઊંચાઇ તો આપણે બતાવીએ છીએ પણ પાછી થીજેલી છે. એ જો નિષ્ક્રિય બનીને પડી રહેશે તો કોણ ત્યાં પહોંચશે? એ માનવતા તો પીગળવી જોઇએ અને પીગળેલો હિમાલય ગંગા સરિતા બનીને વહેવો જોઇએ. અને માઁ એ થીજેલી માનવતાની અંદરથી પ્રકટ થયેલી એક એવી સરિતા છે એક એવું ઝરણું છે કે જે દરેકની પાસે જઇ અને સૌને તૃપ્ત કરે છે. સૌની પ્યાસ બુઝાવે છે. જે સંતૃપ્ત છે અને શીતળતા આપનારી છે. પરમ તૃપ્તિ આપનારી છે. જેમ સરિતાને કોઇ સંપ્રદાય નથી હોતો, સરિતાની પાસે કોઇ સંકીર્ણતા નથી હોતી એમ 'માઁ' શબ્દ એવો છે કે કોઇપણ પ્રકારની સંકીર્ણતામાં બંધાતો નથી. માઁ તો બસ માઁ જ હોય છે તેથી કહેવાયું છે કે માઁ સો શિક્ષકની ગરજ સારે છે.

## બાળકો સાથે વાતચીતથી મગજનો વિકાસ થાય છે

બાળકો સાથે બોલવાનું ચાલુ કરવાથી તેમના કાનોમાં પડતા સભ્ય તેમના મગજનો વિકાસ કરવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવે છે.

ત્રણ મહિનાની ઉંમરમાં પણ શબ્દો તેમના મગજ પર બીજા અવાજો, જેવાં કે સંગીતથી વધુ અસર નાખે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જે બાળકોએ શબ્દો સાંભળ્યા હતા તેમણે ફોટાને વધુ સારી રીતે ઓળખી બતાવ્યા હતા. ત્રણ મહિનાના લગભગ ૫૦ બાળકોને માછલીનો ફોટો બતાવાયો હતો. તેમાંથી કેટલાંક બાળકોને આ ફોટાની કેટલાંક શબ્દો સાંભળાવાયા હતા અને કેટલાંક બાળકોને ધૂન સાંભળાવાઈ હતી. ત્યારબાદ બધા જ બાળકોને માછલી અને ડાયનોસોરના ફોટા બતાવાયા હતા.




• શ્રી બાલમુકુંદભાઇ શંકરલાલ શાહ- ડાકોરની શુભેચ્છા •

# પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ?

માતા ઘરનું માંગલ્ય હોય છે, તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. પણ ઘરના આ અસ્તિત્વને આપણે કયારેય સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો? પિતાનું મહત્ત્વ હોવા છતાં પણ તેના વિષે વધુ લખવામાં નથી આવતું કે નથી બોલવામાં આવતું.)

કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્ત્વ વિષે જ વધારે કહે છે, દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓએ પણ માતાના ખૂબ વખાણ કર્યાં છે. સારી વસ્તુને માતાની જ ઉપમા આપવામાં આવે છે.

પણ કયાંય પિતા વિષે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે. આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશે જ પણ સારા પિતાઓ વિશે શું લખાયું છે?

માતા પાસે આંસુનો દરિયો હોય છે પણ પિતા પાસે સંયમની દીવાલ હોય છે. માતા રડીને છૂટી થઈ જાય છે પણ સાંત્વન આપવાનું કામ તો પિતાએ જ કરવું પડે છે અને રડવા કરાતં સાંત્વન આપવામાં વધુ મહેનત કરવી પડે છે. કારણ કે દીવા કરતાં દીવી વધારે ગરમ હોય છે! પણ શ્રેય તો હમેશાં દીવાને જ મળે છે.

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ?

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોંઢું છૂપાવીને ડૂસકાં ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણા પિતા રડી શકતા નથી કારણ કે નાના ભાઈ-બહેનોને સાચવવાના હોય છે. પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી. કારણ કે બહેનને આધાર આપવાનો હોય છે. પત્ની અડધે રસ્તે સાથ છોડીને જતી રહે તો બાળકોના આંસુ લૂછવાનું કામ પણ પિતાએ જ કરવાનું હોય છે.

જીજાબાઈએ શિવાજીને ઘડયા એમ ચોક્કસપણે કહેવું જોઈએ પણ તે સમયે શાહજીરાજાએ કરેલી મહેનતને પણ ધ્યાનમાં લેવી જોઈએ. દેવકી-યશોદાના કાર્યની પ્રશંસા અવશ્ય કરીએ પણ નદીના પૂરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિતપણે લઈ જનારા વાસુદેવને પણ મહત્ત્વ આપીએ. રામ એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે પણ પુત્રવિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા.

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે. તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમજાય કે "આપણા નસીબના કાણા તેના ગંજીમાં પડયા છે." તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા-દીકરીને નવા જીન્સ લઈ આપશે પણ પોતે તો જૂનો લોંઘો જ વાપરશે. સંતાનો ૧૦૦-૨૦૦ રૂપિયા પાર્લર કે સલૂનમાં જઈને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાસ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડીને જ દાઢી કરી લેતાં હોય છે.

પિતા માંદા પડે ત્યારે તરત જ દવાખાને જતા નથી તે માંદગીથી ડરતા નથી પણ જો ડોકટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે. કારણ કે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈપણ સાધન હોતું નથી.

પહોંચ હોય કે ન હોય પણ દીકરાને એન્જિનિયરિંગ કે મેડિકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તે જ તારીખે પરમીટરૂમમાં પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેની જ મજાક ઉડાડે છે.

પિતા ઘરનું અસ્તિત્વ હોય છે જે ઘરમાં પિતા હોય છે, તે ઘર તરફ કોઈપણ ઊંચી આંખ કરીને જોઈ શકતું નથી. કારણ કે ઘરના કર્તાહર્તા જીવંત છે. જો તેઓ કંઈપણ કરતા ન હોય તો પણ મહત્ત્વના કર્તાહર્તા તરીકેના પદ ઉપર હોય છે. અને ઘરના કામ જુવે છે, સંભાળે છે. માતા હોવી અથવા તો માતા હોવાના સત્યને પિતાને લીધે જ અર્થ મળે છે એટલે કે પિતા હોય તો જ માતાનું અસ્તિત્વ શકય હોય છે. કોઈપણ પરીક્ષાનું પરિણામ

**અનુસંધાન પાન (૬) પર**





અનુસંધાન પાન (૧૩)નું ચાલુ

## પિતાનું મહત્વ

આવે ત્યારે માતા જ સહુની નજીક લાગે કારણ કે બાજુમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગૂપચૂપ જઈને પેંડાના પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી. બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખૂબ મહત્ત્વ હોય છે પણ હોસ્પિટલની લોબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી.

દાઝી ગયા, ઠેસ લાગી કે માર વાગ્યો કે તરત જ ‘‘ઓ માઁ’’ આ શબ્દો મોંઢામાંથી બહાર પડે છે પરંતુ રસ્તો ઓળંગતા એકાદ ટ્રક નજીક આવીને જોરથી બ્રેક મારે તો ‘‘બાપ રે’’ આ જ શબ્દ બહાર પડે છે. નાના સંકટો માટે ચાલે પણ મોટી સમસ્યાઓના વાદળો ઘેરાય ત્યારે પિતા જ યાદ આવે.

કોઈપણ સારા પ્રસંગે ઘરની દરેક વ્યક્તિ જતી હોય છે પણ મરણના પ્રસંગે પિતાએ જ જવું પડે છે.

પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઊભા ઊભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે.

યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરો કરતા હોય છે.

દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેકઠેકાણે મુરતિયા જોવા ઊંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરું ને?

પિતાનું મહત્ત્વ કોને સમજાય છે?

બાળપણમાં જ જો પિતા ગુજરી જાય તો અનેક જવાબદારીઓ ખૂબ નાની ઉંમરમાં સંભાળવી પડે છે. તેને એકાએક વસ્તુ માટે તરસવું પડે છે. પિતાને ખરા અર્થમાં સમજી શકે તે છે ઘરની દીકરી! સાસરે ગયેલી કે ઘરથી દૂર રહેતી દીકરી પિતા સાથે ફોનમાં વાત કરે ત્યારે પિતાનો બદલાયેલો અવાજ એક ક્ષણમાં ઓળખી જાય છે. કોઈપણ દીકરી પોતાની ઈચ્છા બાજુમાં મૂકીને પિતા કહે તે જગ્યાએ લગ્નની વેદી ઉપર ચઢી જતી હોય તેવા પ્રસંગો શું આજે પણ સમાજમાં નથી બનતા? દીકરી પિતાને ઓળખે છે, સાચવે છે. બીજાઓ પણ પોતાને આ રીતે જાણે, ઓછામાં ઓછી એટલી તો અપેક્ષા બીજાએ પાસે પિતા રાખે કે નહિ?

આપણી પાસે તો થોડા ઉત્સવો છે, જેને ઉજવતી વખતે માતા-પિતાને યાદ કરી લઈએ. તેમના પ્રત્યેનું ઋણ ચૂકવવા આપણે તેમને પગે લાગીએ અને એમનાં આશીર્વાદ મેળવીએ અને આપણા જ સંસ્કાર, ધર્મ, નાત-જાતના ભેદભાવ વગર આપણી પછીની પેઢીને પણ આપીને યથાશક્તિ પિતૃતર્પણ કરીએ.

# દીકરી વ્હાલનો દરિયો...

દીકરી નાની હોય કે મોટી હોય મા-બાપને વ્હાલી લાગે છે. આ દીકરી પુખ્ત થાય અને સાસરે વિદાય સમયે મા-બાપને આ લાગણી થાય છે....

- દીકરી તારા સૌભાગ્યનું કંકુ આજ ઘોળી લાવ્યા છીએ. વિધાતાએ જે લખ્યું હતું તે સરનામું શોધી લાવ્યા છીએ. છે તું મારા કાળજાનો કટકો, વેગળી કરી નથી કયારેય તારી અમારી જુદાઈનું કોઈને વચન દઈ આવ્યા છીએ
- દીકરી તારું પાનેતર આજ ખરીદીને લાવ્યા છીએ. સ્વપ્ન અમારા જે હતા તે પાલવમાં બાંધી લાવ્યા છીએ, પારકી થાપણ તું છે બીજાની, કયાં સુધી સાંભળીયે, ભારે હૈયે તારી કંકોત્રી હેતના તેડાં લખવા લાવ્યા છીએ
- સંસાર તારો સ્વર્ગ બને, એ જ આશિષ ગૂંથી લાવ્યા છીએ, અમારું દર્પણ તું જ છે, એવો અરિસો લાવ્યા છીએ, પરાયા પોતાના ગણી, શોભાવજે બંને કુળને, લૂછી નાખ આંસુ દીકરી, ખુશીનો અવસર લાવ્યા છીએ.
- મારી લાડલી ઢીંગલી માટે, રણઝણ ઝાંઝર લાવ્યા છીએ, હૃદય અમારું રડે છે, પણ મુખ પર સ્મિત લાવ્યા છીએ, પહાડ જેવો બાપ પણ રડી પડે છે, દીકરીની વિદાયથી આંગણું અમારું સૂનું થશે અમે વિવશ બનીને આવ્યા છીએ.
- ખંખેરી નાંખજે પિયરના સ્નેહને,આંસુ સાથે કહેવા આવ્યા છીએ. બંને કુળને દીપાવજે તેવું નજરાણું દેવા આવ્યા છીએ, રડી રડીને આંખ લાલ થઈ ગઈ દીકરી તારી ને મારી તોય તને અળગી કરવી પડશે, વ્યવહારને તાંતણે બંધાયા છીએ.
- વિદાય કરી દીકરીને પછી, છાનું છાનું ખૂબ રડયા છીએ, કંઈક ખોવાયું છે અમારું હૃદયના આંગણામાં શોધી રહ્યા છીએ, સ્મરણોમાં પાછી આવી, લ્યો મમ્મી- પપ્પા હું આવી ગઈ, કેમ નથી માનતું મન, અમે જ જાનને વળાવીને આવ્યા છીએ.





• શ્રીમતી પ્રવિણાબેન દેવેન્દ્રભાઇ શાહ (અમદાવાદ)ની શુભેચ્છા •

# ગીતાસાર

ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર,
અર્થ સહુના જીવનને દે છે ગીતાસાર॥

રોવું,ડરવું, ચિંતા કરવી, આ બધું બેકાર છે, અમર અજન્મા આત્મા કેવળ, નશ્વર આ સંસાર છે, જન્મ મરણનું ચક્ર ફરતું, કર્મોના અનુસાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૧ ॥

કાલે જે થયું, સારું તે હતું, કાલે જે થશે સારું જ થશે, થઈ રહ્યું જે, સારું છે તે, નિયમ સાચો આ માની લે, વીતી કાલને દે ભુલાવી, આજને સ્વીકાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૨॥

કાલે જે કરી, ભૂલો તે સ્મરી કેમ આજે પછતાએ છે, છે અનિશ્ચિત કાલ તો આજે દુઃખથી કેમ ગભરાયે છે, પૂરું કર કર્તવ્ય તારું, વાટ ના જો લગાર
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૩॥

સાથે લઈ શું આવ્યો તો, શું ખોયું તેં શાનો રડે, સમજી લે જે પામે તેને એક દિન ખોવું પડે, આજથી ના માનતો કોઈ પર તારો અધિકાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૪॥

હાથ ખાલી લઈને આવ્યો સાથે શું તું લઈ જશે, પામ્યો જે પણ જગતમાં તું, એ બધું અહીં રહી જશે, ના દુઃખી થા જોઈને તું જગતનો વ્યવહાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥૫ ॥

કાલે તારું જે હતું, કાલે એ જ કોઈનું કહેવાશે, આ પ્રમાણે જાણે કોનું પરમ દિવસે તે થઈ જશે, જે નથી તારું તો એનો શાને કરે છે વિચાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૬॥

જેને તું મૃત્યુ કહે એ છે તારું જીવન નવું, જગતમાં બદલાયે સઘળું, આવ્યું છે જે તે ગયું, આજે નિર્ધન છે એને ધન મળશે કાલે અપાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૭॥

ભેદ નાના મોટાનો તું માનવાનું છોડી દે, તું છે સહુનો, બધા તારા, સહુથી નાતો જોડી લે, કયાં સુધી ફરશે તું માથે, પાપોનો લઈ ભાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૮॥

દેહ તારો ભાડાનું ઘર, જેમાં તું રહેનાર છે, પંચતત્ત્વોથી બનેલો, આસરો દિન ચાર છે, છે મુસાફર જાગ થઈ જા, ત્યાગવા ઘરચાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૯॥

થા ઊભો ને કરી દે અર્પણ, કૃષ્ણને જીવન તારું, ચિંતા ભય દુઃખ સૌંપ હરિને, મુક્ત કરી લે મન તારું, શ્રેષ્ઠ છે પ્રભુનો સહારો, હરિનો લે આધાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૧૦॥

જયારે પણ તું જે કરે તે, સઘળું કર અર્પણ તેને, કર સમર્પણ, અહમ્ ત્યાગી, કરી લે તું વંદન તેને, મુક્તિનો આનંદ દેશે, તારો તારણહાર,
ગીતાના ઉપદેશોમાં છે, જ્ઞાનના ભંડાર ॥ ૧૧॥

# કસરત કરવાથી લાભને બદલે ક્યારેક નુકસાન પણ થાય

રોજેરોજ કસરત કરવાની ટેવ આરોગ્ય માટે સારી હોવા છતાં આરોગ્ય નિષ્ણાતોનો અભ્યાસ કહે છે કે કેટલાંક સંજોગોમાં કસરત કરવાથી નુકસાન થાય છે, એવા સમયે થોડા દિવસ કસરત છોડી દેવી જોઈએ.

૧. તબિયત ખરાબ હોય તો ડોક્ટરો પણ કહે છે કે કસરત ન કરવી જોઈએ.
૨. સામાન્ય શરદી થઈ હોય તો પણ કસરત કરવાથી નુકસાન થઈ જાય છે.
૩. વ્યક્તિ જ્યારે થાક અનુભવે અથવા તાણ અનુભવે ત્યારે કસરત ન કરવી જોઈએ.
૪. શરીરે નાની અમથી પણ ઈજા થઈ હોય તો બિલકુલ કસરત ન કરવાની નિષ્ણાતો તાકીદ કરે છે. કારણ કે કસરત કરવાથી સાવ નાની ઈજા પણ વકરીને વિકરાળ સ્વરૂપ લઈ શકે છે.
૫. આગલી રાત્રે મોડે સુધી ઉજાગરો થયો હોય તો કસરત ન કરવી.
૬. રાત્રે દારૂ પીધા પછીની સવારે કસરત કરવાથી ડિહાઈડ્રેશન થઈ જાય છે. અને લાભને કારણે નુકસાન થઈ શકે છે તેમ આરોગ્ય નિષ્ણાતોની ચેતવણી છે.

# દાંતનો સડો શોધતું સાધન

દાંતની સારવારમાં ડ્રિલિંગ અને ફિલિંગ હવે ભૂતકાળ બની જશે. એક નવું ઉપકરણ શોધી કાઢવામાં આવ્યું છે, જેનાથી દાંતના સડા અંગે ડોક્ટરોને જલદીથી ખબર પડી જશે અને દાંતમાં પોલાણ થાય એ પહેલાં સારવાર થઈ શકશે. કેઅરી સ્કેન પીઆરઓ તરીકે ઓળખાતા આ સાધનને મોઢા પર મૂકીને હળવો વીજ કરન્ટ દાંતમાં પસાર કરવામાં આવશે. ટ્રાફિક લાઈટ જેવો કલર સડો કેટલો છે તેનો નિર્દેશ કરશે જેનાથી આ અંગેની સાચી સ્થિતિનો ખ્યાલ મળશે. વેમ્બલી સ્થિત ડેન્ટિસ્ટ ડો.માર્ટીન ડેલાહેયે જણાવ્યું હતું કે દાંતના સડાની શરૂઆતથી ખબર પડી જવાના કારણે ફલોરાઈડ વાર્નિશની ટ્રીટમેન્ટથી તેને દૂર કરી શકાશે. ડ્રિલિંગ અને ફિલિંગની જરૂર નહીં પડે. સ્કોટલેન્ડના વિજ્ઞાનીઓએ આ ઉપકરણ શોધી કાઢ્યું છે.

શ્રીમદ્ ભાગવત કથા
દ્વારકા હોટલ દેવાંગમાં

વકતા-શ્રી રૂપેશભાઈ પંડ્યા (કાલીબાપુ)
તા-17-9 થી 23-9
સવારે 9-00 થી 1-00
Rs. 6001/- + રેલ્વે
શ્રીજી ટ્રાવેલ્સ
પરેશ શાહ મો : ૯૩૨૭૦૦૪૮૩૪, ૯૦૨૩૪૯૭૩૨૧
સદ્‌ભાવ સેવા પરિવાર M : 8200801077



## અવિરત નિઃશુલ્ક ઉજાણી ૨૦૨૨ના સંસ્મરણો










**જૈન લગ્ન પરિચય**

(1) Year 2019-20 6th Edition Rs. 1000

(2) Year 2018-19 5th Edition Rs. 1000

(3) Year 2016-17 4th Edition Rs. 500

(4) Year 2015-16 3th Edition Rs. 600

Total Cost Rs. 3100

Combo rate 50% off on MRP

કુરિયર ચાર્જ અલગથી

**Shree Shakti Management,**
Lower Ground Floor,
Shop No. 20, Center Point,
Panchvati Cross Road,
C.G. Road, Ahmedabad- 380 006

ONLINE PAYMENT : 8866883883

**વૈષ્ણવ લગ્ન પરિચય**

(1) Year 2021-22 7th Edition Rs. 650

(2) Year 2019-20 6th Edition Rs. 800

(3) Year 2017-18 5th Edition Rs. 600

(4) Year 2016-17 4th Edition Rs. 600

Total Cost Rs. 2650

Combo rate 50% off on MRP

કુરિયર ચાર્જ અલગથી


• શ્રીમતી ઈન્દિરાબેન કમલેશકુમાર શાહ (યુ.એસ.એ.)ની શુભેચ્છા •

### આપણી ઘરોહર આપણી સંસ્કૃતિ

# સિધ્ધામ્બિકા માતા મંદિર, જુના ડિસા

ગુજરાતમાં અનેક ઐતિહાસિક મંદિરો આવેલા છે. જેમાંથી એક છે ૧૨૦૦ વર્ષ જુનું જુનાડીસા ગામમાં આવેલું માં સિધ્ધામ્બીકાનું મંદિર. ઉત્તર ગુજરાતમાં આદ્યશક્તિ માં અંબાજીનું ધામ અને માં બહુચરાનું પવિત્ર મંદિર આવેલું છે, તેવું જ ચમત્કારી છે સિધ્ધામ્બીકા માતાજીનું મંદિર.

ભક્તોના સંકટ ક્ષણવારમાં દૂર કરતાં માં સિધ્ધામ્બીકા વણિક જ્ઞાતિના કુળદેવી પણ છે. આ મંદિરની સ્થાપનાનો એક ભવ્ય ઈતિહાસ છે. પ્રજાપિતા બ્રહ્માને પોતાના ભ્રમ ક્ષેત્રમાં એક સુંદર નગરનું નિર્માણ કરવાનું મન થયું, આ કામ તેમણે વિશ્વકર્માને સોપ્યું. વિશ્વકર્માએ આ નગર બનાવવા માટે હાલના બનાસકાંઠાના ડીસાની પસંદગી કરી. બનાસ નદીના કિનારે એક સુંદર નગરી વસાવી અને તેનું નામ દર્શનપૂરી રાખ્યું. આ નગરીમાં



માતા સીધ્ધાન્બીકાની સ્થાપના થઈ અને તેમના વસવાટ માટે બ્રાહ્મણો અને વૈશ્યને ઉત્પન્ન કર્યા. જો કે મંદિરની સ્થાપના અંગે ઈતિહાસકારો એવું પણ માને છે કે આ મંદિરની સ્થાપના પાટણનાં મીનલદેવીએ સિદ્ધરાજ જયસિંહના જન્મ સમયે કરવામાં આવી હતી. આ મંદિર અજોડ કોતરણીથી સજ્જ છે.

ડીસા પંથકના આ મંદિરમાં નવરાત્રિ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉમટે છે અને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. ભક્તોની દરેક મનોકામના માતાજી પૂરી કરતાં હોવાથી આસપાસના વિસ્તારોમાંથી પણ ભક્તો અહીં દર્શનાર્થે આવે છે. મંદિરમાં માતાજી ચર્તુભુજ સ્વરૂપમાં બિરાજે છે, જેમના એક હાથમાં તલવાર, બીજામાં વીણા, ત્રીજા હાથમાં કમળ અને ચોથા હાથમાં પુસ્તક જોવા મળે છે. અહીં નવરાત્રિ દરમિયાન વિશેષ પૂજા અર્ચના પણ કરવામાં આવે છે. માતાજીના નિજ મંદિરમાં સવારે અને સાંજે મશાલ પ્રગટાવી અને આરતી કરવામાં આવે છે, જે આ મંદિરની વિશેષતા છે.

## નીજ મંદિરમાં સવારે અને સાંજે મશાલ પ્રગટાવી આરતી કરવામાં આવે છે



• શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ શાહ (સુરત)ની શુભેચ્છા •

# આપણા કુળદેવી શ્રી સિદ્ધાંબિકા માતાજી જુનાડીસા સહિત સમગ્ર ભારતમાં અલગ અલગ સ્થળોએ આવેલ શ્રી માતાજીના સ્થાનકો

| | | | |
|---|---|---|---|
| ૧. | બનાસકાંઠા- ગુજરાત | જુનાડીસામાં | શ્રી માતાજીનું મૂળ સ્થાનક |
| ૨. | ઉત્તર ગુજરાત | પાટણ | દિશાવાળની ખડકી, ઘીવટામાં |
| ૩. | ઉત્તર ગુજરાત | સિદ્ધપુર | લક્ષ્મીપોળમાં |
| ૪. | ઉત્તર ગુજરાત | વિસનગર | શ્રાવણ શેરીના નાકે |
| ૫. | ઉત્તર ગુજરાત | કડી | દાણા બજાર |
| ૬. | ગુજરાત | અમદાવાદ | સાંકડીશેરી સદમાતાની પોળ, રાયપુર |
| ૭. | ગુજરાત સૌરાષ્ટ્ર | ધોળકા | ઉડા પાડા બહાર |
| ૮. | ગુજરાત સૌરાષ્ટ્ર | ધોઘા | નાગરવાડામાં |
| ૯. | ગુજરાત સૌરાષ્ટ્ર | દીવ | નાઘેરમાં |
| ૧૦. | ગુજરાત | નડિયાદ | અમદાવાદી બજાર, રૂગનાથજીની પોળમાં |
| ૧૧. | ગુજરાત | પેટલાદ | વ્યાસવાડો |
| ૧૨. | ગુજરાત | ખંભાત | અલીંગના ચકલામાં |
| ૧૩. | ગુજરાત | વડોદરા | નરસિંહજી પોળમાં |
| ૧૪. | ગુજરાત | સાવલી | સિદ્ધમાતા ખાંચામાં |
| ૧૫. | ગુજરાત | સિનોર | દેવફળી |
| ૧૬. | ગુજરાત | સુરત | વાડી ફળિયામાં |
| ૧૭. | મહારાષ્ટ્ર | પુના | બુધવાર પેઠમાં |
| ૧૮. | મહારાષ્ટ્ર | નાસિક | પંચવટી, રામઘાટ પર |
| ૧૯. | મહારાષ્ટ્ર | ચોપડા | ગુજરાતી ગલીમાં |
| ૨૦. | મહારાષ્ટ્ર | ઔરંગાબાદ | સોમગલીમાં |
| ૨૧. | મહારષ્ટ્ર | સોનગીર | ગામમાં |
| ૨૨. | મહારાષ્ટ્ર | મુંબઈ | ઉત્તન-ભાયંદર |
| ૨૩. | મધ્યપ્રદેશ | બુરહાનપુર | રાજવાડા દાળિયાવાડામાં |
| ૨૪. | મધ્યપ્રદેશ | ખરગાંવ | હજારીરામના મંદિર પાસે |
| ૨૫. | મધ્યપ્રદેશ | ઉજ્જૈન | કાર્તિક ચોકમાં |
| ૨૬. | ઉત્તરપ્રદેશ | બનારસ | સિદ્ધમાતાની ગલીમાં |




સ્થાનિક તથા એન.આર.આઇ. પાત્ર
મેળવવાનું ભરોસાપાત્ર સ્થળ....

**N.R.I.**

**Marriage Bureau**

303, Radhaswami Sumil, Nr.Zydus Hospital,
Anand-Lambhvel Road, ANAND 380 001
M9879028168, 9377489882, 9327098679
Email: khushalbhaipatel@khushalbhaipatel.com

Founder: Late Shri Khushalbhai Patel (Calcuttawala)




• સ્વ.શ્રીમતી ચંદ્રબાળાબેન ઉમેશકુમાર શાહ પરિવાર (અમદાવાદ)ની શુભેચ્છા •




# The Chosen One

One tree can start a forest,
One hand can lift a soul,
One candle can wipe-out darkenss,
One laugh can conquer gloom.
We help you find THE ONE.

PERSONALIZED • TAILOR MADE • CONFIDENTIAL • MATCHMAKING SERVICES

Anar Gawarvala's Weddings
An Elite Matchmaking Company

+91-98799 25733
+91-98799 75633
/anar_weddings_agw
anarweddings.com

BESPOKE MATRIMONY
Select, Match, Forever After.

Look Us Up
bespokematrimony.in

# સર્વસ્વનું સમર્પણ એ છે પુષ્ટિમાર્ગ



શ્રાવણ સુદી બારસને દિવસે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ભગવાન ઠાકોરજીને પવિત્રા ધરાવે છે, તેથી તેને પવિત્રા ઉત્સવ પણ કહેવામાં આવે છે. ધાર્મિક ઉત્સવોમાં દરેક ક્રિયાઓ પાછળ ભાવ સમાયેલા હોય છે. પવિત્રા ધરાવવા માટેના પણ ભાવ છે. પવિત્રા એટલે કે પવિત્ર માળા જે દોષરહિત થઈને પ્રભુને સમર્પણ કરવાનો પણ એક ભાવ સૂચવે છે. અલબત્ત અહીં દોષરહિત થવાની સ્થિતિએ કઈ રીતે પહોંચાય એ વાત કરવી છે. પવિત્રા બારસની આગલી એટલે કે એકાદશીનો દિવસ પૂર્ણ થયા પછીની અર્ધ રાત્રિએ મૂળ પુરુષોત્તમ રસાત્મક શ્રીકૃષ્ણએ સાક્ષાત્ પ્રગટ થઈને શ્રી મદ વલ્લભાચાર્યજીને દર્શન આપીને પુષ્ટિમાર્ગમાં જીવને શરણે લેવાની અને બ્રહ્મસંબંધ કરવાની આજ્ઞા આપી. આ આજ્ઞાને ભગવાનના જ શબ્દમાં ગ્રંથસ્થ કરીને આચાર્યજીએ જે ગ્રંથની રચના કરી તે ષોડષ ગ્રંથમાંનો એક સિદ્ધાંત રહસ્ય ગ્રંથ તરીકે ઓળખાય છે અને તે સાડાઆઠ શ્લોકનો ગ્રંથ છે. ભગવાને આજ્ઞા આપી તે મુજબ, તે પછી શ્રી વલ્લભાચાર્યજીએ તે જ રાત્રિએ સહુ પ્રથમ દામોદરદાસ હરસાણીજીને બ્રહ્મસંબંધ કરાવ્યો. આમ એકાદશીની રાત્રિએ પુષ્ટિમાર્ગનું પ્રાગટય થયું અને દામોદરદાસ હરસાણી પુષ્ટિમાર્ગના સહુ પ્રથમ સેવક બન્યા.

આ આજ્ઞા એટલે કે સિદ્ધાંત રહસ્ય ગ્રંથમાં શું કહેવાયું છે?

પુષ્ટિમાર્ગમાં પ્રથમ જીવ પ્રભુને શરણે આવે છે તેને નામ આપ્યું એમ કહેવાય છે અને ત્યાર બાદ તેને જ્યારે બ્રહ્મસંબંધ કરાવાય ત્યારે તેને ભગવાનની સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. નામ અને બ્રહ્મસંબંધને સગપણ અને લગ્ન સાથે સરખાવાયા છે. લગ્ન પછી જેમ સ્ત્રી પોતાનું સર્વસ્વ પતિ પરમેશ્વરને સમર્પણ કરે છે, એમ પુષ્ટિમાર્ગમાં સેવકે પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પણ કરવાનું રહે છે, પરંતુ આ સર્વસ્વ એટલે શું? અને જીવ દોષથી ભરેલો છે. પ્રાકૃત છે. તેનો નિર્દોષ, અપ્રાકૃત, વેદ પણ જેનો સંપૂર્ણપણે પાર નથી પામી શકતા. એવા રસાત્મક પૂર્ણ પુરુષોત્તમ સાથે સંબંધ કેવી રીતે થઈ શકે? અને વર્તમાન સમયમાં સર્વસ્વ સમર્પણ સંભવ છે કે તેના કોઈ અન્ય

**ભવસાગર પાર કરવા માટે પુષ્ટિમાર્ગને નાવ નહીં, સેતુ ગણાવાયો છે. પુલ ઉપર ચાલો એટલે સાગરમાં તોફાન આવે, નાવ અસ્થિર થાય કે એવા કોઈ ભય રહેતા નથી, એમ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું પાલન કરવાથી સેતુ દ્વારા જેમ આસાનીથી સામે પાર પહોંચી જવાય તેમ ભવસાગર પણ પાર થઈ શકે**

અનુસંધાન પાન (૧૩) પર

બંસીલાલ પેંડાવાલા
મો. ૯૪૦૯૪૪૧૨૩૩
ફોન: ૦૭૯-૨૨૧૪૫૩૮૩
મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ સામે, ખમાસા, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

નગીનદાસ એન્ડ સન્સ
૨૧૪૦, આસ્ટોડિયા રંગાટી કાપડ બજાર, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

• સ્વ. શ્રી મહેન્દ્રભાઇ વાડીલાલ શાહ પરિવાર (અમદાવાદ)ની શુભેચ્છા •

અનુસંધાન પાન (૧૨)નું ચાલુ

## પુષ્ટિમાર્ગ...

ઉપાયો ખરા? એવા કેટલાક પ્રશ્નો સહજ રીતે ઉદ્ભવે છે અને તેની અહીં ચર્ચા કરી છે.

અહીં સર્વસ્વ સમર્પણ એટલે આત્મનિવેદન. પોતાના આત્મા સહિત પોતાની સ્ત્રી, પુત્ર, ધન સહિત જે કઈ પણ પોતાનું છે તે ભગવાનને સમર્પવું અર્થાત્ આ સર્વેનો સ્વ અર્થે નહીં પણ ભગવદ્ અર્થે સેવા અર્થે જ વિનિયોગ કરવો. બીજા શબ્દોમાં સંસારમાં રહીને, ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાની બધી વસ્તુઓ, સંબંધોનો પ્રભુ સેવામાં ઉપયોગ કરવો. ગૃહસ્થાશ્રમ સ્વ ઈન્દ્રિયોના ભોગ અર્થે નહીં, પરંતુ ભગવદ્ સેવા સુયોગ્ય રીતે થઈ શકે એ માટે છે અને એટલે જ પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધને સંસારમાં રહીને દીક્ષા લેવા સાથે સરખાવાયો છે. સંસારમાં રહીને દીક્ષાર્થી તરીકેનું જીવન જીવવાની અદ્ભુત વ્યવસ્થા આમ પુષ્ટિમાર્ગમાં દર્શાવાઈ છે.

અહીં મહત્ત્વની બાબત એ છે કે બ્રહ્મસંબંધ એક ઘટના નથી, એ એક પ્રક્રિયા છે જેનો સમગ્ર જીવન દરમિયાન અમલ કરવાનો છે, આમ ન થાય તો માર્ગનું ફળ, એટલે કે પુરુષોત્તમની પ્રાપ્તિમાં વિલંબ થાય છે. આ સમર્પણનું સદા સ્મરણ રહે એ હેતુથી પણ દર વર્ષે પવિત્રા (પવિત્રાનો ભાવ ૩૬૦ સૂતરના તારની પવિત્ર માળા) ધરાવવાનો મહિમા છે અને ૩૬૦ તાર વર્ષના ૩૬૦ દિવસ બ્રહ્મસંબંધનું સ્મરણ રહે એમ પણ સૂચવે છે. એકાદશીની રાત્રિએ ભગવાને બ્રહ્મસંબંધની આજ્ઞા આપી એટલે બીજે દિવસે સવારે પવિત્રા ધરાવવાના હોય છે.

અહીં સમર્પણની વાત કહેવાઈ તો સમર્પણ કોને કહેવાય? વિઠ્ઠલનાથ શ્રી ગુંસાઈજીના ચતુર્થ પુત્ર શ્રી ગોકુલનાથજીએ સિદ્ધાંત ગ્રંથની વ્યાખ્યા કરી છે તેમાં સમર્પણનો ભાવ સમજાવતા કહ્યું છે કે ગંગામાં કોઈપણ જળ ભળે તે ગંગાજળ થઈ જાય છે તેમ પ્રભુ સાથે જેનો સંબંધ થાય તે જીવના બધા દોષ નાશ પામે છે અને તે નિર્દોષ થઈ જાય છે.

કોઈને પ્રશ્ન થાય કે આવા સિદ્ધાંતોનો આજના યુગમાં વ્યવહારિક અમલ સંભવિત નથી, પરંતુ એના કોઈ પર્યાય પણ નથી. ધર્મના સિદ્ધાંતો સનાતન હોય છે. એ સિદ્ધાંતોનું પાલન અધૂ?રું હોય તો ફળ પણ એવું જ મળે. ભગવદ્ આજ્ઞામાં દૃઢ વિશ્વાસ રાખીને પોતાના દૃઢ નિર્ણયથી શું આ સિદ્ધાંતોનું પાલન થઈ શકે?

શ્રીમદ્ વલ્લભાચાર્યની કૃપા હોય તો કશું અસંભવિત નથી. ભવસાગર પાર કરવા માટે પુષ્ટિમાર્ગને નાવ નહીં, સેતુ ગણાવાયો છે. પુલ ઉપર ચાલો એટલે સાગરમાં તોફાન આવે, નાવ અસ્થિર થાય કે એવા કોઈ ભય રહેતા નથી, એમ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનું પાલન કરવાથી સેતુ દ્વારા જેમ આસાનીથી સામે પાર પહોંચી જવાય તેમ ભવસાગર પણ પાર થઈ શકે. માત્ર ધર્મના સિદ્ધાંતનું પાલન જરૂરી છે. એમાં બાંધછોડ ન થઈ શકે. અન્ય એક મહત્ત્વની બાબત છે, બ્રહ્મસંબંધ કરાવનાર અથવા ગુરુની પસંદગી. શ્રી વલ્લભાચાર્યજીએ તત્વાર્થદીપ નિબંધમાં ગુરુના લક્ષણો વર્ણવ્યાં છે. જેમાં મુખ્ય છે, તે પુષ્ટિ રસાત્મક ભગવાનની દંભ રહિત સેવા કરતા હોય, ભાગવતના સ્વરૂપને જાણનાર હોય અને શુદ્ધ પુષ્ટિ લીલાનું જ્ઞાન હોય તેને ગુરુ કરવા અને તેના અભાવમાં શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞા મુજબ રહેવાથી, આજ્ઞાનું પાલન કરવાથી શ્રી વલ્લભાચાર્યજી જ સ્વયં ગુરુ થઈ જાય છે એવો પણ મત છે, પરંતુ આજે ગુરુના લક્ષણની પસંદગી, પરખ માટે ઘણી વખત શિષ્ટાચાર વચ્ચે આવે છે અથવા આવી પરખ કરવાની સેવકોની આવડત પણ ન હોય એવું બની શકે.

આ સંજોગોમાં સદાય શ્રી વલ્લભાચાર્યજીની આજ્ઞાનું સ્મરણ અને પાલન કરવું અને સિદ્ધાંત રહસ્ય તેમ જ તેમણે રચેલા ષોડશ સહિતના ગ્રંથોમાં જણાવેલા સિદ્ધાંતો મુજબ રહેવાથી માર્ગનું ફળ મળી શકે છે.

**ગંગામાં કોઈપણ જળ ભળે તે ગંગાજળ થઈ જાય છે તેમ પ્રભુ સાથે જેનો સંબંધ થાય તે જીવના બધા દોષ નાશ પામે છે અને તે નિર્દોષ થઈ જાય છે**




• શ્રી ભુપેદ્રભાઇ વાડીલાલ શાહ (અમદાવાદ)ની શુભેચ્છા •

# 5 સોશિયલ સ્કિલ્સ

## મજબૂત રિલેશનશિપ માટે છે ખાસ જરૂરી

**બાળકોને નાની ઉંમરથી જ શીખવાડવા જોઈએ આ...**

બાળકોને બાળપણમાં જ ઘણી બધી વસ્તુઓ શીખવાડવામાં આવે છે. પછી તે જાતે ખાવાની વાત હોય અથવા તો તેને કોઈ વાતને લઈને સમજાવવાનું હોય. બાળકોને એક વખત જે શીખવાડવામાં આવે છે ત્યારબાદ તે વસ્તુમાં બદલાવ કરવો ખૂબ જ મુશ્કેલ હોય છે, કારણ કે બાળકો આ વાતને સમજવા માટે તૈયાર હોતા નથી જે પહેલા શીખવાડ્યું એ જ સાચું છે, ત્યારબાદ તમે ફરીથી જે શીખવાડો છો તે સાચું છે. એવી પરિસ્થિતિમાં જો તમે બાળકો સાથે સ્ટ્રોંગ રિલેશનશિપ શેર કરવા માંગો છો તો તમારે બાળપણમાં જ બાળકોને સોશિયલ સ્કિલ્સ શીખવાડવાની ખૂબ જરૂર છે. જાણો ખાસ જરૂરી કે જે દરેક વ્યક્તિને પોતાના બાળકને ઓછી ઉંમરમાં જ શીખવાડી દેવું જોઈએ.

### ૧ વસ્તુઓ શેર કરવી

બાળપણથી જ આપણે બાળકને શીખવું જોઈએ કે શેરિંગ ઈસ કેરિંગ. એટલે કે બીજા બાળકોની સાથે વહેંચીને ખાવું તે એકબીજાની દેખભાળ કરવા જેવું છે. પોતાના બાળકોને શેર કરવાનું મહત્વ બતાવવાથી રિલેશનશિપ બનાવવામાં મદદ મળે છે. વહેંચીને ખાવું તે બાળકોને સમજણ અને નિષ્પક્ષતા શીખવાડે છે. તેનાથી તેમને એ શીખવામાં મદદ મળે છે કે જો તે બીજાને થોડું આપે છે તો બદલામાં તેમને પણ કંઈક મળી શકે છે. અધ્યયનયોથી જાણવા મળ્યું છે કે બે વર્ષથી ઓછી ઉંમરના બાળકો માત્ર ત્યારેજ શેર કરવાની ઈચ્છા



દર્શાવે છે જ્યારે તેમની પાસે વધુ માત્રામાં વસ્તુ હોય, ૩ થી ૬ વર્ષના ઉંમરની વચ્ચે તે થોડા સ્વાર્થી થઈ જાય છે, સાત થી આઠ વર્ષની ઉંમરમાં બાળકો નિષ્પક્ષતા વિષે અધિક પરેશાન થઈ જાય છે અને બીજા વ્યક્તિની સાથે શેર કરવા માટે તૈયાર થઈ જાય છે.

### ૨ સાંભળવું

સાંભળવું એક એવી સામાજીક કુશળતા છે જેમાં લગભગ લોકો ની ઉણપ હોય છે, જેમાં મોટાઓ પણ સામેલ છે સાંભળવા નો અર્થ એ નથી કે બીજા બોલી રહ્યા હોય તો ચૂપ રહેવું, પરંતુ સમજવું કે તે શેની વિશે વાત કરી રહ્યા છે, જેમ કે વાતચીતમાં વાત કરવી અને પોતાની વાત સામે રાખવી ખૂબ જ જરૂરી છે તેમ સાંભળવું પણ એટલું જ જરૂરી છે. આ વસ્તુ બાળકોને ભણતરમાં પણ ખૂબ જ મદદ કરે છે.

### 3 સહયોગ આપવો

સહયોગ નો અર્થ ખાસ કરીને એક સામાન્ય લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે બીજા વ્યક્તિ સાથે યોગ્ય રીતે કામ કરવાનો હોય છે. આ કુશળતામાં મહારત હાસિલ કરવા માટે બીજા વ્યક્તિના સમુદાય સાથે જોડાવામાં મદદ મળે છે.એકબીજાને સહયોગ કરવાથી બાળકો ને બીજા વ્યક્તિ અને બાળકો પાસેથી સન્માન પણ મળે છે. કોઈપણ લક્ષ્યને પૂરું કરવાથી તેમને બીજા લોકોની ભાવના અને વિચારોનો સ્વીકાર કરવામાં અને તેને શીખવામાં મદદ મળે છે.

### ૪ વ્યક્તિગત જગ્યાએ આદર

દરેક સંબંધની એક શારીરિક અને ભાવનાત્મક સીમા હોય છે. તે એક વ્યક્તિથી બીજા વ્યક્તિ માં અલગ અલગ હોય છે. અને આપણે બધાનું સન્માન પણ કરવું જોઈએ. ઘણી વખત આપણે મિલનસાર થતા જ લગભગ લોકો હદ પાર કરી નાંખે છે. મિલનસાર થવું અને બીજાની વ્યક્તિગત જગ્યાને સન્માન આપવું બંને અલગ અલગ વસ્તુ છે, અને બંને વિશે જાણકારી હોવી જોઈએ. પોતાના બાળકને સમજાવવું કે કેવી રીતે આપણે બીજા પાસેથી પરમિશન માંગવી અને પોતાની સીમાની જાણ કરાવો.

### ૫ મેનર્સ શીખવાડવી

સારી મેનર્સ શીખવાડવી પણ વ્યવહારિક કુશળતા નો જ એક ભાગ છે. થેંક્યુ, સોરી નો યોગ્ય રીતે ઉપયોગ અને યોગ્ય રીત નો ઉપયોગ કરવાની એક સારી રીત તમારી ઘણી બધી મદદ કરી શકે છે. આ કુશળતા સ્કૂલમાં ભણાવવામાં આવે છે પરંતુ તમારે પણ તેની પ્રેક્ટિસનો બાળકો પાસે કરાવતા રહેવું જોઈએ.

Amit Shah
M. 9426325026
Ph. 079-22168851

RUSHABH STATIONERS

Office, School & Computer Stationery

530, Inside Delhi Gate, Ahmedabad 380 001

# વૃદ્ધાવસ્થા અભિશાપરૂપ છે

**શીર્ષકમાં અગિયાર અક્ષરો છે તેથી અગિયાર મુદ્દાઓ રજુ કરું છું.**

(૧) યૌવન અવસ્થામાં ઘરમાં પ્રવેશ કરતાની સાથે જ ભૌતિક જરૂરિયાતો ઘરના સભ્યો દ્વારા પૂરી થતી હોય અને કોઈ ઉણપ રહે નહિ તેની કાળજી લેવાતી હોય જયારે વૃદ્ધાવસ્થામાં ઘરમાં પ્રવેશ કર્યા પછી અડધા કલાકે પણ તમારા પ્રવેશની નોંધ લેવાઈ ન હોય, તમારી ભૌતિક જરૂરિયાતો પુરી પાડવામાં ઢીલ થતી હોય અને આજે કેમ વહેલા ઘેર આવી ગયા તેમ પ્રશ્ન પૂછી મુખ પર અણગમો દર્શાવતો હોય ત્યારે વૃદ્ધાવસ્થા અભિશાપ લાગે તેમાં શી નવાઈ ?

(૨) યૌવનમાં પાઈએ પાઈની કરકસર કરી ભેગા કરેલા રૂપિયાથી કુટુંબના સર્વ સભ્યો માટે સર્વ ભૌતિક સુવિધાઓ ઉભી કરેલ હોય અને વૃદ્ધાવસ્થામાં તે રૂપિયાને તથા ભૌતિક સુવિધાનો ઉડાઉ રીતે ઉપયોગ થતો હોય અને કહેવા જતા તમારું અપમાન કરી, તમોને ધુત્કારવામાં આવતા હોય, ચકચક કરો નહિ, તમે તમારી મેળે બેસી રહો એવા અપમાનજનક શબ્દો પ્રત્યાઘાત રૂપે સાંભળવા મળે ત્યારે વૃદ્ધાવસ્થા અભિશાપ જ લાગે ને?

(૩) પોતાના બનાવેલ મકાનમાં ઘરના સર્વ સભ્યો પોતાના સ્વતંત્ર ખંડો બેંઅ કરી, દાદા/દાદીને તો કાંઈ કરવાનું નથી એટલે જ્યાં અવરજવર ન હોય અને શાંતિ હોય ત્યાં દાદરા નીચે અગર કોઠારની બાજુમાં રૂમ ફાળવી અપાતો હોય અને ઘરના કોઈ સભ્યો આખા દિવસ દરમ્યાન તેમની આગળ ડોકાતા ન હોય ત્યારે એકલતાના ભારથી મનમાં મુંઝાદા દાદા/દાદીને વૃદ્ધાવસ્થા અભિશાપ જ લાગે.

(૪) પોતાના સંતાનોને ઉંઘ- ઉજાગરા વેઠીને, પોતાના સુખનો ભોગ આપીને ભૌતિક સુવિધાઓ પુરી પાડી હોય અને નોકરી/ધંધાએ વળગાડ્યા હોય અને ઉછેરતાં મુખ ઉપર કોઈ જાતનો અણગમો ન હોય તે જ સંતાનો મા અને બાપના ભાગ પાડી જુદા જુદા ઘેર રહેવાની ફરજ પાડતા હોય અથવા પિતા/માતા એકલા હોય તો છ માસના વારા કરી રાખતા હોય ત્યારે તેમનું દિલ પુકારી ઉઠે કે આ ઘડપણ કોણે મોકલ્યું?

(૫) પોતાના સંતાનોને ચાલતાં શીખે તે માટે આંગળી પકડી ચાલતાં શીખવાડ્યું હોય અને પુખ્ત ઉંમરનાં થતાં ધંધા /નોકરીએ ભણતર આપી લગાડ્યા હોય તે જ સંતાનો ઘડપણમાં મંદિરે જવા અથવા જાત્રાએ જવા સહાયની માંગણી કરે ત્યારે અમોને સમય નથી. મંદિરમાં દર્શન કર્યા વગર ઘરમાં એકલા બેસી ભજન કરો. તથા મોટેથી ભજન ગાશો નહિ કારણ બાળકોને અભ્યાસમાં ખલેલ પડે છે. તેવાં વચનો સાંભળવા મળતાં હોય ત્યારે એમ લાગે છે કે ભગવાન મોત વહેલું આપે તો સારું.

(૬) પોતાના પૌત્ર/પૌત્રી મોટાં હોય તો વાતચીત કરે અને નાનો હોય તો રમાડવા લે અને તેમનાં મા-બાપ તેમને ઠપકો આપે ત્યારે પૌત્ર/પૌત્રીને પક્ષ લે અને તેમના મા-બાપ ને ઠપકો આપે ત્યારે તેમના મા-બાપ (પોતાના સંતાન) પાસેથી તમારે લીધે જ બાળકો બગડ્યા છે. તેમને બહુ લાડ લડાવશો નહિ. હવે તમારે લીધે જ બાળકો બગડ્યા છે. તેમને બહુ લાડ લડાવશો નહિ. હવે તમારે તેમની સાથે વાત કરવાની નહિ કે તેમને ઉંચકવાના પણ નહિ તમો તેઓને ખરાબ સંસ્કાર આપો છો આવું સાંભળવા જ્યારે મળે ત્યારે વૃદ્ધાવસ્થા અભિશાપરૂપ લાગે તેમાં શી નવાઈ ?

(૭) પી.એફ/ ગ્રેજ્યુએટી/પોતાની બચતમાંથી ઉભું કરેલું મકાન નાનું પડવાથી તે વેચી દઈ, તે નાણાં પોતાના દીકરાને આપી દઈ દીકરાના પોતાના નામ પર બનાવેલ મકાનમાં દીકરા/પુત્રવધુ સાથે વિચારોમાં મતભેદ થવાથી ગામમાં જ ભાડે મકાન રાખી, જીવન ટકાવવા માટે નોકરી શોધવા જવું પડે અને નોકરી કરવી પડે ત્યારે વૃદ્ધાવસ્થા અભિશાપરૂપ જ લાગે.

(૮) તબિયત અસ્વસ્થ હોય ત્યારે ઘરનાં સભ્યો તમારી તરફ પૂરતું ધ્યાન આપે નહિ અને પાડોશી મદદ કરવા આવે ત્યારે અમો સેવા કરવાવાળાં બેઠાં છીએ એમ કહી તેમને પાછા કાઢે ત્યારે ખાટલામાં પડ્યે પડ્યે વૃદ્ધાવસ્થામાંથી જલદીથી છૂટકારો મળે તેવી પ્રભુને પ્રાર્થના કરવાનું મન થાય એ બહુ જ સ્વાભાવિક છે.

(૯) ધાર્મિક કાર્યોમાં પોતાની આર્થિક સ્થિતિ પ્રમાણે પોતાના સંતાનો પાસે પૈસાની માગણી થાય ત્યારે પૈસાની તાણ કેટલી છે ? ઘર કેમ ચલાવવું તે તમોને શી રીતે ખબર પડે ? એમ જવાબ મળે. પણ તેમનાં સંતાનો માટે તેમની માંગણી થયેલી તરત જ ભઔતિક સુવિધાઓ પુરી પાડવામાં આવે ત્યારે વૃદ્ધાવસ્થા અભિશાપરૂપ જ લાગે.

(૧૦) એક જ ઘરમાં તમારી સાથે વાતચીત કર્યા વગર ખાવા આપે. સમગ્ર દિવસ દરમ્યાન તમારી સાથે બોલે નહિ. તમે જે ખંડમાં આવો તેનાથી બીજા ખંડમાં જતા રહે અને પાડોશી સાથે વાત કરો તો તમોને લડે આમ પ્રેમ અને હુંફથી વંચિત રહેવાને કારણે ભૌતિક સુવિધાઓ પુરી થયા છતાં વૃદ્ધાવસ્થા અભિશાપ જ લાગે.

(૧૧) પોતાના જ બનાવેલા મકાનમાં ઘર નાનું પડવાથી પોતાના સંતાનો દ્વારા તમોને વૃદ્ધાશ્રમમાં દાખલ કરતા હોય અને સમયાંતરે તમાને બીલકુલ ખબર લેવાતી ન હોય ત્યારે વૃદ્ધાવસ્થા અભિશાપ રૂપ બને એમાં કોઈ નવાઈ નથી. – **ડો. કૃષ્ણકાન્ત શાહ (આણંદ)**


## સદ્‌ગુણ જયતે (ત્રિમાસિક)માં શુભેચ્છા સહાય

૩૦૦૦ કોપી ત્રિમાસિક છપાશે તેમા જાહેરાત/શુભેચ્છા રકમ નીચે પ્રમાણે છે

જન્મ દિવસ/મેરેજ/મેરેજએનીવર્સરી/ શ્રધ્ધાંજલિ/ પુણ્યતિથિ -સાઈઝ - વિઝીટીંગ કાર્ડ - @ ન્યોછાવર સ્વૈચ્છિક

વિઝીટીંગ કાર્ડ જાહેરાત - સાઈઝ- -W 9 cm x H 6 cm - .............. @ 750 x 4 = 3000 + GST

કવાર્ટર પેજ -- સાઈઝ -W 18 cm x H 6.5 cm - .......... @ 2000 x 4 = 8000 + GST

હાફ પેજ---- સાઈઝ-W 18 cm x H 12 cm - ............ @ 4000 x 4 = 16000 + GST

ફુલ પેજ -- સાઈઝ- W 18 cm x H 24 cm - ........... @ 8000 x 4 = 32000 + GST

મુખ્ય સ્પોન્સર એક વર્ષ માટે (ચાર અંક) W 18 cm x H 24 cm - @= 51000 + GST

**ચેક :- શ્રી શકિત મેનેજમેન્ટ - G'Pay: 8866883883**

ધાર્મિક, સામાજિક, સફળતા, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા, વર્ષગાંઠ, મેરેજ એનિવર્સરી... વગેરે છપાવવા માટે મો. ૮૮૬૬૮૮૩૮૮૩ સંપર્ક કરો

Title Verification No. GUJGUJ/17834

Date of Publication: 25th of Every May, August, November & February



## કારમી દિવાળી

આવી આવી દિવાળી આવી,
મુજ અંતરમાં ચિંતા જગાવી,
બાળકો માંગશે સબરસના નાણાં,
મારે કાઢવા પડશે ખોટા બહાના
આવી આવી...
બાળકો માંગશે ફટાકડાની લૂમો
મારે પાડવી પડશે ખોટી બૂમો
આવી આવી...
વેપારી માંગશે હિસાબના નાણાં
કહીશુન કાલે ચેક કરીશું રવાના
આવી આવી...
પત્ની માંગશે રે નવી સાડી
મારે કહેવું પડશે થઈ તું ગાંડી
આવી આવી...
લોકો કહે ભે કાકા પ્રણામ
કાકા કરશે રે દૂરથી સલામ
આવી દિવાળી કદી ના આવો
પ્રભુ એનાથી એમે બચાવો

- જયંત વી. શાહ

## રે હોળી

અલી શીદને સળગાવી તે આવી હોળી
રોજ રોજ તારે દિવાળી ને બીજાના ઘરમાં હોળી
સચને કીધું જૂઠને કાન ભંભેરી કીધી
કાચા કાનના માનવીઓએ હોળી સળગાવી દીધી
કંઈકના ફૂટયા માથા ને કંઈકને જીવતી સળગાવી
આવી ભયાનકતા નિહાળવા હોળી સળગાવી દીધી
જેવી કરણી તેવી ભરની કરશે અંતરવાની
લોકોને ઘેર થાશે દિવાળી ને તારા ઘરમાં હોળી
ના બનીશ સમાજની મંથરા, બનજે તું તારામતી
પરોપકારના કાર્ય કરીને મેળવજે સદ્‌ગતિ
કુળ કપટ કુટીર નીતિ ત્યજીને બની જજે તું ભોળી
હવે પછી ના સળગાવીશ કોઈના ઘરમાં હોળી

- જયંત વી. શાહ

## ધુળેટી

લાલી શબ્દ લાલ રંગ પથરાયેલો છે
એના માટે વપરાય છે
જયાં જોવો ત્યાં લાલી લાલી,
છત પરથી ટપકતી લાલી
રસ્તા પર પથરાયેલી લાલી
દીવાલો પર ચિતરાયેલી લાલી
મોઢા પર ખરડાયેલી લાલી
જયાં જોવો ત્યાં લાલી- લાલી
દાઝ અને દુશ્મનાવટની લાલી
કંઈકના માથા ફોડનારી લાલી
મારે ના જોઈએ આવી લાલી
જયાં જોવો ત્યાં લાલી-લાલી
શ્રીકૃષ્ણએ રાધા સંગ ખેલેલી લાલી
મંદિરમાં ઊડે ગુલાલી લાલી
સ્નેહ અને સમર્પણની લાલી
ભક્તો ખેલે ગુલાલની લાલી
મારે જોઈએ આવી લાલી
જયાં જોવો ત્યાં લાલી-લાલી

- જયંત વી. શાહ

# તંત્રીસ્થાનેથી...

**'સદ્‌ગુણ જયતે' સારા ગુણોનો હમેશાં વિજય થાય છે. માતુશ્રી સદ્‌ગુણાબેન સામાજિક કાર્યકર તથા પિતાશ્રી જયંતિલાલ રિટાયર્ડ શિક્ષક એચ.બી. કાપડીયા હાઈસ્કૂલ - રાષ્ટ્રભાષા વર્ધા સમિતિ સેવક દ્વારા અમોને ખૂબ જ પ્રેમ, સંસ્કાર, માર્ગદર્શન મળેલ છે અને સમાજ - સંપ્રદાય પ્રત્યે આગવી સેવા પ્રદાન કરવા માટે પ્રેરણારૂપ છે.**

"સદ્‌ગુણ જયતે" ત્રિમાસિકમાં છપાયેલા સમાચારો, લેખો, રચનાઓ અને ફોટોગ્રાફ વગેરે સાથે તંત્રીનું સહમત હોવું જરૂરી નથી.

● Printer, Publisher & Owned by ●
Kaushal Jayantilal Shah, and
● Printed at Shri Ganesh Offset, A/6, Subh Labh Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad 380 004, and
● Published from ●
Shree Shakti Management, Lower Ground Floor, Shop No. 20, Center Point, Panchvati Cross Road, C.G. Road, Ahmedabad- 380 006
● Editor : Kaushal Jayantilal Shah

To,

● સમગ્ર તળજા મંગળ પરિવાર, પાદરાવાળાની શુભેચ્છા ●